Australian Government

COVID-19 VACCINATION

# COVID-19 રસીકરણ માટે તૈયારી

છેલ્લો સુધારો: ૩૦ જુલાઇ ૨૦૨૧

## ખાતરી કરો કે તમારી વિગતો સાચી છે

જ્યારે તમે તમારી મુલાકાત (એપોઇન્ટમેન્ટ)ની રાહ જુઓ છો, ત્યારે કેટલીક વસ્તુઓ છે જે તમે તૈયાર થવા માટે કરી શકો છો.

મેડીકેર પાસે તમારી અદ્યતન વિગતો છે તેની ખાતરી કરો (નોંધ લેશો કે તમે મેડીકેર માટે પાત્ર ન હોવ તો પણ COVID-19 રસી મુકાવી શકો છો). આવું તમે નીચેનામાંથી કોઇ પણ રીતે કરી શકો છો:

- માયગવ દ્વારા મેડીકેર ઓનલાઇન અકાઉન્ટમાં
- એક્સપ્રેસ પ્લસ મેડીકેર એપ દ્વારા.
- મેડીકેર પ્રોગ્રામને ફોન કરીને.

જો તમારું એકાઉન્ટ ન બનેલું હોય તો, તમે આ પ્રમાણે કરી શકો છો:

- જો તમે પહેલેથી જ નોંધણી ન કરાવી હોય તો, મેડીકેરમાં નોંધણી કરાવો.
- જો તમે મેડીકેરમાં નોંધણી કરાવી હોય પરંતુ માયગવ જોડે મેડીકેર જોડ્યું ના હોય તો, તમારું મેડીકેરનું ઓનલાઇન એકાઉન્ટ તૈયાર કરો.
- જો તમે મેડીકેર મેળવવાને પાત્ર ન હોવ તો, વ્યક્તિગત આરોગ્ય ઓળખ નંબર (ઇન્ડીવીડ્યુઅલ હેલ્થ આઇડેન્ટીફાયર (આઇએચઆઇ) મેળવો.

એકવાર તમને રસી મુકાય જાય પછી, તમે તમારી રસીકરણની સ્થિતિને સાબિત કરવા માટે રસીકરણ ઇતિહાસનું નિવેદન (ઇમ્યુનાઇઝેશન હિસ્ટ્રી સ્ટેટમેન્ટ) મેળવી શકશો. તમારું ઇમ્યુનાઇઝેશન સ્ટેટમેન્ટ કેવી રીતે મેળવવું તે વિષે તમે સર્વિસ ઓસ્ટ્રેલિયાની વેબસાઇટ પરથી જાણી શકો છો.

## તમારી એપોઇન્ટમેન્ટ માટે તૈયાર થવું

ઓસ્ટ્રેલિયા અને વૈશ્વિક સ્તરે COVID-19ની રસીનો મર્યાદિત પુરવઠો છે. આનો અર્થ કે, જે લોકોને COVID-19નો રોગ ગંભીર રીતે થવાનું અને/અથવા વાયરસના સંપર્કમાં આવવાનું જોખમ સૌથી વધુ છે તેઓ પહેલાં રસી મેળવશે. બીજા લોકો સમય જતાં રસી મેળવશે. www.health.gov.au/covid19-vaccines ની મુલાકાત લઇને રસીકરણ માટે કોને પ્રાથમિક્તા આપવામાં આવશે તે જાણો. તમે https://covid-vaccine.healthdirect.gov.au/ ની મુલાકાત લઇને અત્યારે તમારું COVID-19 રસીકરણ બુક કરાવી શકો છો કે નહિં તે જાણી શકો છો.

જો નીચેનામાંથી કશું લાગુ પડતું હોય તો, તમારે COVID-19 રસીકરણની એપોઇન્ટમેન્ટમાં હાજરી આપવી જોઇએ **નહિ**:

- તાવ, ઉધરસ, નાકમાંથી પાણી નીકળવું અથવા અસ્વસ્થતાના બીજા લક્ષણો હોય કે જે COVID-19ને લીધે હોય શકે છે
- COVID-19ની તપાસના પરિણામની રાહ જોઇ રહ્યા હોવ
- COVID-19ની તપાસનુ પરિણામ હકારાત્મક આવ્યું હોય અને એકાંતવાસ (આઇસોલેશન)માં હોવ
- સંસર્ગનિષેધ (ક્વોરેન્ટાઇન)માં છો
- જેને COVID-19 થયું હોય તેવા વ્યક્તિના નજીકના સંપર્કમાં આવ્યા છો.

જો તમને ઉપરોક્ત કંઇ પણ લાગુ પડતું હોય તો, તમારા રસીકરણ પ્રદાતા સાથે વાત કરશો. તમારા રસીકરણની એપોઇન્ટમેન્ટ ફરી ગોઠવવાની જરૂર હોય શકે છે. COVID-19ની રસીઓ COVID-19ની સારવાર કરવામાં અસરકારક નથી.

જો તમારી COVID-19ની રસીની એપોઇન્ટમેન્ટ પહેલાના ૭ દિવસમાં તમે કોઇ બીજી રસી લીધી હોય તો, તમારા રસીકરણ પ્રદાતાને કહો. તમારા રસીકરણ પ્રદાતા તમને તમારી એપોઇન્ટમેન્ટ ફરીથી ગોઠવવાનું કહી શકે છે.

જો તમને તાવ અથવા શ્વસનનો કોઇ રોગ ન હોય તો, રસીકરણ પહેલાં તમારે COVID-19ની તપાસ કરાવવાની જરૂર નથી.

## બે ડોઝ માટે આગળથી યોજના કરી રાખો

તમારી COVID-19ની રસીના તમને બે ડોઝ આપવામાં આવે તે અત્યંત જરૂરી છે. જો તમને COVID-19 ફાઇઝર (કોમેર્નેટી) રસી આપવામાં આવે તો બે ડોઝ વચ્ચે ઓછામાં ઓછા ત્રણ અઠવાડિયાનું અંતર હોવું જોઇએ. જો તમે COVID-19 રસી એસ્ટ્રાઝેનેકા રસી લીધી હોય તો લગભગ ૧૨ અઠવાડિયાનું અંતર હોવું જોઇએ. અમુક સંજોગોમાં ડોઝ વચ્ચેના અંતરને ૧૨ અઠવાડિયાથી ઘટાડવું યોગ્ય હોય શકે છે, પરંતુ તે ૪ અઠવાડિયાથી ઓછું ન હોવું જોઇએ. તમારા બીજા ડોઝના લગભગ એક કે બે અઠવાડિયા સુધી COVID-19 સામે મહત્તમ સુરક્ષા મળશે નહિં.

## તમારી રસીકરણની એપોઇન્ટમેન્ટમાં શું અપેક્ષા રાખવી

તમારી COVID-19 રસીકરણ એપોઇન્ટમેન્ટમાં તમારે નીચેની વસ્તુઓ લઇને આવવું જોઇએઃ

- જો તમારી પાસે હોય તો, તમારું ફોટાવાળું ઓળખપત્ર
- જો તમારી પાસે હોય તો, તમારું મેડીકેર કાર્ડ
- જો તમારા વ્યવસાયને કારણે તમને COVID-19ની રસી મળી રહી હોય તો, તમારું કર્મચારી તરીકેનું ઓળખપત્ર.
- તમારી કોઇ પણ તબીબી તકલીફો, એલર્જી, લોહી વિકારો અથવા જોખમાયેલ રોગપ્રતિકારક શક્તિ (જેમકે નબળી રોગ પ્રતિકારક શક્તિ) વિષેની માહિતી
- તમે જે પણ દવાઓ લેતાં હોય તેની માહિતી
- તમને પહેલાં કોઇ COVID-19ની રસી આપવામાં આવી હોય તો, તેની માહિતી (રસીની જાત (બ્રાન્ડ) અને રસીકરણની તારીખ)
- તમને ભૂતકાળમાં કોઇ પણ રસીથી કોઇ પ્રતિકૂળ અસર થઇ હોય તો તેની માહિતી
- તમારા વર્તમાન જીપી (દાક્તરો) અને જો કોઇ નિષ્ણાત દાક્તરને તમે મળતાં હોવ તો તેમનાં નામ
- ચહેરા પરનો એક માસ્ક (જો તમારા રાજ્ય/પ્રદેશમાં જરૂરી હોય તો).

તમારી એપોઇન્ટમેન્ટ દરમ્યાન તમારે COVID-19 રસીઓ વિષે કોઇ પ્રશ્નો હોય તો તમે, તમારા રોગપ્રતિરક્ષા પ્રદાતા જોડે તેની ચર્ચા કરી શકશો.

જો તમે ૬૦ વર્ષથી નાની ઉંમરના હોવ, તમને કોઇ તબીબી તકલીફ હોય અથવા તમે કોઇ દવાઓ લેતા હોવ તો, તમારા રોગપ્રતિરક્ષા પ્રદાતાને કહો. ખાસ કરીને જો નીચેનું લાગુ પડતું હોય તો, ખાતરી કરો કે તમે તે કહોઃ

- COVID-19 રસીના અગાઉના ડોઝથી અથવા રસીના કોઇ ઘટકથી પ્રતિકૂળ પ્રતિક્રિયા થઇ હોય
- તમને કોઇ બીજી રસીથી અથવા બીજી દવાથી એનાફિલેક્સિસ (પ્રતિકૂળ આડઅસરનો એક ગંભીર પ્રકાર) થયું હોય
- અન્ય ગંભીર પ્રતિકૂળ ઘટના કે જે નિષ્ણાતની સમીક્ષાને અંતે COVID-19 રસીના અગાઉના ડોઝને લીધે થઇ હોવાનું નિદાન થયું હોય
- જો તમને પહેલાં વારંવાર થતી એનાફિલેક્સિસ સાથે પુષ્ટિ થયેલ માસ્ટોસાઇટોસિસ (શરીરમાં ક્યાંય પણ શ્વેત કણના ગઠ્ઠા થવા) થયું હોય જેની સારવાર જરૂરી છે
- જો તમને ક્યારેય લોહીની કોશિકાઓમાંથી પ્રવાહી ચૂવાની (કેપિલરી લીક સિન્ડ્રોમ) તકલીફનું નિદાન થયું છે
- જો તમને ક્યારેય COVID-19 રસીના અગાઉના ડોઝને પગલે નિદાન થયેલ લોહીની ગાંઠો સાથે લોહીમાં ત્રાક કણો (પ્લેટલેટ્સ)નું નીચું સ્તર (થ્રોમ્બોટિક થ્રોમ્બોસાઇટોપેનિક સિન્ડ્રોમ - ટીટીએસ) સહિત, પ્લેટલેટના નીચા સ્તર જોડે જ મુખ્ય શીરા અને/અથવા ધમનીમાં લોહીની ગાંઠ થઇ છે
- જો તમને પહેલાં ક્યારેય હીપેરાઇન ઇન્ડ્યુસ્ડ થ્રોમ્બોસાઇટોપેનિયા (એચઆઇટી) (લોહી પાતળું કરવાની દવાની આડઅસરને કારણે પ્લેટલેટ્સ ઓછા થવા), સેન્ટ્રલ વેનસ સાઇનસ થ્રોમ્બોસિસ

(મગજની નસમાં લોહીની ગાંઠ – સીવીએસટી), પેટની નસોમાં (સ્પ્લેક્નિક નસો) લોહીની ગાંઠો અથવા લોહીની ગાંઠો સાથે સંકળાયેલ વિકાર કે જે, શરીરની રોગપ્રતિકારક શક્તિ ભૂલથી લોહીમાં આવેલા સામાન્ય પ્રોટીન પર હુમલો કરવાથી થાય છે (એન્ટીફોસ્ફોલીપીડ સિન્ડ્રોમ) તેવી તકલીફ થઇ હોય

- માયોકાર્ડાઇટીસ (હૃદયની વચ્ચેની દિવાલમાં સોજો) અને/અથવા પેરીકાર્ડાઇટીસ (હૃદયની બહારના પાતળા આવરણમાં સોજો) થયું હોય
- અત્યારે એક્યુટ રૂમૅટિક ફીવર (સંધિવાનો તીવ્ર તાવ) અથવા એન્ડોકાર્ડાઇટીસ (હૃદયના અંદરના ભાગમાં ચેપ લાગવો) થયું હોય
- જન્મજાત હૃદય-રોગ હોય
- ડાયલેટેડ કાર્ડિયોમાયોપેથી (હૃદયના સ્નાયુઓ નબળા પડી ગયા હોય) (૩૦ વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે)
- હૃદય ગંભીર રીતે નિષ્ફળ ગયું હોય (હાર્ટ ફેલ્યોર)
- હાર્ટ ટ્રાન્સપ્લાટ દ્વારા હૃદય મેળવ્યું હોય
- તમને લોહીનો વિકાર છે અથવા જો તમે એન્ટીકોએગ્યુલન્ટ (લોહી પાતળું રાખવાની - લોહી જામવા ન દેવાની) સારવાર લેતા હોવ તો
- તમે ગર્ભવતી હોવ
- તમારી રોગપ્રતિકારક શક્તિ જોખમમાં હોય (જેમ કે, નબળી રોગપ્રતિકારક શક્તિ છે અથવા રોગપ્રતિકારક શક્તિ ઘટાડે તેવી દવા લેતા હોવ)
- પહેલાં COVID-19 થયું હોય અથવા COVID-19ને લીધે થયેલી બીમારી ચાલુ જ છે
- બીજી COVID-19 રસી આપવામાં આવી હોય (કઇ બ્રાન્ડ)
- છેલ્લા ૭ દિવસમાં કોઇ રસી મૂકવામાં આવી હોય

અમુક સંજોગોમાં, રસીકરણની એપોઇન્ટમેન્ટ લેતાં પહેલાં તમારા આરોગ્ય સંભાળ પ્રદાતા સાથે રસીકરણ બાબતમાં ચર્ચા કરવી વધુ સારું હોય શકે છે. તમે જે રસી મેળવી રહ્યા છો તેની માહિતી પણ વાંચી શકો છો:

- COVID-19 ફાઇઝર (કોમેર્નેટી) રસીની માહિતી, અથવા
- COVID-19 રસી એસ્ટ્રાઝેનેકાની માહિતી

## તમે રસી કઇ રીતે મેળવશો

મોટા ભાગે તમારા હાથના ઉપરનાં સ્નાયુમાં એક ઇંજેક્શન દ્વારા તમે રસી મેળવશો. રસીકરણ પછી નિરિક્ષણ માટે, રસીકરણ કેન્દ્રમાં તમારે ઓછામાં ઓછું ૧૫ મિનિટ સુધી રહેવું પડશે. તમારા તબીબી ઇતિહાસને આધારે તમને કેન્દ્રમાં ૩૦ મિનિટ સુધી રાહ જોવાનું પણ કહેવામાં આવી શકે છે.

## તમે તમારી એપોઇન્ટમેન્ટ દરમ્યાન આપેલી વિગતોનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે?

તમારી અંગત માહિતી કેવી રીતે એકત્રિત, સંગ્રહ અને ઉપયોગ કરવામાં આવે છે તે વિષે વધુ માહિતી માટે https://www.health.gov.au/using-our-websites/privacy/privacy-notice-for-covid-19-vaccinationsની મુલાકાત લો.